**Gujarat Real Estate Regulatory Authority (RERA)**
**Chief Town Planner and Valuation Office, Sector 10-A**
**Gandhinagar**
**Website-https://gujrera.gujarat.gov.in**

---

નં:- ગુજરેરા/૩૪૪/૨૦૧૮ તા. ૧૬/૦૨/૨૦૧૮

વિષય :- રીઅલ એસ્ટેટ પ્રોજેકટ માટે રેરા રજીસ્ટ્રેશન ન કરાવવા બાબત તથા રેરા રજીસ્ટ્રેશન વિના જાહેરાત આપવા અંગેનો કેસ નં. ૬/૨૦૧૮

**નિર્ણય:-**

આ કામના પ્રમોટર નામે વી.એચ.જાની નાઓએ તેમના પ્રોજેકટ નામે સ્પાન વિલા એન્ડ રો હાઉસનું રીયલ એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ,૨૦૧૬ કાયદાની કલમ -૩ હેઠળ જરૂરી રજીસ્ટ્રેશન કરાવેલ નથી. પ્રમોટરે રેરા કાયદા હેઠળ રજીટ્રેશન કરાવ્યા વિના તેમના સદર પ્રોજેકટના બાંધકામના વેચાણ અને માર્કેટીંગ કરવા સારૂ દૈનિક વર્તમાન પત્ર દિવ્યભાસ્કર માં તા. ૦૧/૧૦/૨૦૧૭ ના રોજ જાહેરાત આપેલ છે. તેમના પ્રોજેકટની આ જાહેરાતમાં ગુજરેરા ઓથોરીટીની વેબસાઈટ એડ્રેસ અને રેરા રજીસ્ટ્રેશન નંબરનો ઉલ્લેખ કરેલ નથી. આમ કરીને તેમણે રેરા કાયદાની કલમ-૧૧(૨) અંતર્ગત પ્રમોટર્સ ની ફરજો નું ઉલ્લઘન કરેલ છે.

સદર ક્ષતિ ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીને ધ્યાને આવતાં ઓથોરીટી દ્વારા પ્રમોટરને ઉપરોકત જાહેરાત બાબતે ખુલાસો કરવા સારૂ તા. ૧૭/૦૧/૨૦૧૮ ના રોજ પત્ર મોકલેલ હતો. જેના પ્રત્યુત્તર રૂપે પ્રમોટરે તા. ૧૯/૦૧/૨૦૧૮ ના રોજ એ પત્રનો જવાબ આપી રેરા રજીસ્ટ્રેશન વિનાની જાહેરાત વાળી બાબત કબુલીને તેમની ભુલ સ્વીકારેલ છે અને વહેલી તકે તેમના પ્રોજેકટનું રેરા રજીસ્ટ્રેશન કરાવી લેશે તેવી બાંહેધરી આપેલ છે.

GUJARAT REAL ESTATE REGULATORY AUTHORITY · GUJ RERA

સદરહું પત્ર ઓથોરીટીને મળતાં અને પ્રમોટરે તેમની ભુલ સ્વીકારતાં ઓથોરીટીએ તેમનાથી થયેલ ભુલ બાબતે અને રેરા કાયદાની કલમ-૩ અને ૧૧(૨) ના ભંગ બદલ તેઓની સામે પગલાં કેમ ન લેવા તેમના ખુલાસા કરવા સારૂં તા. ૦૨/૦૨/૨૦૧૮ ના રોજ સમય -૧૪:૦૦ કલાકે ઓથોરીટી સમક્ષ બોલાવતાં પ્રમોટર હાજર થયેલ અને ઓથોરીટી સમક્ષ પોતાની ક્ષતિની લેખિતમાં સ્વીકૃતી કરેલ છે અને ઓથોરીટી તેમણે કરેલ ભુલ સામે જે દંડ નક્કી કરે તે સ્વીકારવાની કબૂલાત આપેલ છે.

આમ, પ્રમોટરે રેરા કાયદાની કલમ-૩ હેઠળ તેમના પ્રોજેકટનું જરૂરી રજીસ્ટ્રેશન કરાવ્યા વગર વેચાણ માટે જાહેરખબર આપેલ છે અને કલમ-૧૧(૨) હેઠળ પ્રમોટર્સ ની ફરજોનું પાલન ન કરવા સબબ રેરા કાયદાની કલમ -૫૯ (૧) હેઠળ દંડને પાત્ર બનેલ છે.

આથી હું આ માટે દંડ પેટે સ્પાન વિલા એન્ડ રૉ હાઉસ પ્રોજેકટ ને ઉપરની વિગતેની ક્ષતિ બદલ દંડ પેટે રૂ. ૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) પૂરા ઉચ્ચક ભરવા આદેશ કરૂં છું.

આજ આદેશ તા.૧૬/૨/૨૦૧૮.

GUJARAT REAL ESTATE REGULATORY AUTHORITY * GUJ RERA *

ડૉ.મંજુલા સુબ્રમણ્યમ
ચેરપર્સન
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી